*Career Counselling and Development Centre*
**SAURASHTRA UNIVERSITY**
104, 1st Floor, Academic Centre, B/h. Central Bank of India.
Saurashtra University Campus, Rajkot-360 005
Ph.: 0281 - 2587144, ccdcsauni@yahoo.co.in

CCDC

Re-Accredited
Grade B by N A A C
(CGPA 2.93)

*Co-ordinator*
Dr. Nikesh A. Shah

Ref. :
Date : 10 - 06 - 2015

# પ્રેસનોટ

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેરિયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સી.સી.ડી.સી.) દ્વારા તા. ૨૫ જૂન, ૨૦૧૫થી સ્ટાફ સિલેકશન કમિશન ટાયર–૧ નાં કોચીંગ વર્ગોનું આયોજન... મર્યાદિત સંખ્યામાં પ્રવેશ અપાશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેરિયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સી.સી.ડી.સી.) દ્વારા તા. ૨૫ જૂન, ૨૦૧૫થી સ્ટાફ સિલેકશન કમિશન કંમ્બાઈન્ડ ગ્રેજ્યુએટ લેવલ પરીક્ષા ટાયર–૧ નાં નવી પેટર્ન ૨૦૧૫ મુજબના પરીક્ષાર્થીઓને તૈયારી માટે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે આગામી ૨૫ જૂન, ૨૦૧૫ SSC CGL TIER-1 ના કોચીંગ વર્ગોનું આયોજન કરેલ છે.

સીસીડીસી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના માધ્યમથી વિદ્યાર્થીઓ સફળતા પૂર્વક તૈયારી કરી શકે તે પ્રકારે વિષય નિષ્ણાંતો નજીવી રજિસ્ટ્રેશન ફી થી તૈયારી કરાવવામાં આવે છે. વિદ્યાર્થીઓની મહેનત અને વિષય નિષ્ણાંતોનું માર્ગદર્શન સાથે સી.સી.ડી.સી. ના આયોજનથી મોટાભાગની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સી.સી.ડી.સી. ના તાલીમાર્થીઓ ૨૫–૩૦% પરિણામ લઈ આવે છે. તાજેતરમાં જ પોલીસ કોન્સ્ટેબલમાં ૫૦ વિદ્યાર્થીઓ અને પી.એસ.આઈ./એ.એસ.આઈ.માં ૩૧ જેટલા વિદ્યાર્થીઓ સફળતાપૂર્વક પરીક્ષામાં ઉતીર્ણ થયેલ છે. સી.સી.ડી.સી.ના વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સુંદર દેખાવ થકી દરેક પ્રકારની પરીક્ષાઓમાં યુનિવર્સિટીને ગૌરવ અપાવેલ છે. અત્યાર સુધીમાં અંદાજિત ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓ સરકારી નોકરીઓ સી.સી.ડી.સી.ના માધ્યમથી મેળવેલ છે.

ઓગષ્ટ માસમાં યોજાનાર સ્ટાફ સિલેકશન કમિશનની CGL TIER-1 પરીક્ષા માટે સી.સી.ડી.સી. ખાતે ૨૫ જૂન, ૨૦૧૫ ગુરૂવારથી સવારે ૯ થી ૧ (દરરોજ ચાર કલાક) તાલીમ વર્ગોનું આયોજન કરાયેલ છે. આ તાલીમ વર્ગમાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ તા. ૨૨–૬–૨૦૧૫ સુધીમાં ટોકન ફી સાથે રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવાનો હોય વહેતા તે પહેલાના ધોરણે જગ્યા હશે ત્યાં સુધી પ્રવેશ આપવામાં આવશે.

આ તાલીમ વર્ગમાં જનરલ ઈન્ટેલીજન્સ એન્ડ રીઝનીંગ, જનરલ નોલેજ, ક્વોન્ટીટેટીવ એપ્ટીટયુડ અને અંગ્રેજીના વિષયોની તૈયારી વિષય નિષ્ણાંત મારફત કરાવવામાં આવશે.

કોચીંગ વર્ગો અંગે વધુ માહિતી માટે ૧૦૪, એકેડેમિક સેન્ટર, પ્રથમ માળ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ ખાતે સંપર્ક કરવા વિનંતી.

પ્રતિ,
તંત્રીશ્રી,
ઉપરોકત માહિતી આપના પ્રસિદ્ધ દૈનિકમાં વિદ્યાર્થીઓના લાભાર્થે વિનામૂલ્યે પ્રસિદ્ધ કરવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

(ડૉ. નિકેશ એ. શાહ)
Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)